Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 15
Name : _______________

# પે.સે.કુમાર શાળા રાણા વડવાળા
# તા. રાણાવાવ, જિ. પોરબંદર

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 98
Roll No. : ____________

## SECTION - A

➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો (Marks - 22)

1. દુનિયામાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ કયો છે?
   A. યુ.એસ. B. રશિયા C. ચીન D. ભારત
2. દરેક દેશને જુદા જુદા નિર્ણયો લેવા માટે તેમજ એ નિર્ણયોનો અમલ કરવા માટે કોની જરૂર પડે છે?
   A. સરકારની B. ન્યાયાધીશોની C. દેશનેતાની D. નાગરિક સંગઠનોની
3. વિશ્વમાં સૌથી વધુ મતદારો ધરાવતો દેશ કયો છે?
   A. રશિયા B. ભારત C. ગ્રેટબ્રિટન D. યૂ.એસ.
4. દેશના સુચારુ વહીવટ માટે સરકાર કેટલા સ્તરે કામ કરે છે?
   A. બે B. ત્રણ C. ચાર D. પાંચ
5. ગામ કે શહેરનો કાર્યભાર કોણ સંભાળે છે?
   A. સ્થાનિક સરકાર B. રાજ્ય સરકાર C. રાષ્ટ્રીય સરકાર D. આપેલ પૈકી એક પણ નહિ
6. આપણા દેશમાં કઈ શાસનવ્યવસ્થાનો સ્વીકાર કરવામાં આવ્યો છે?
   A. રાજાશાહી B. સામ્યવાદી C. સરમુખત્યારશાહી D. લોકશાહી
7. યુ.એસ.માં કયા પ્રકારની લોકશાહી વ્યવસ્થા છે?
   A. પ્રધાનમંડળ નિષ્ઠ B. એકતંત્રી C. પ્રમુખશાહી D. સમવાયતંત્રી
8. આપણા દેશમાં સરકારની મુદત સામાન્ય રીતે કેટલાં વર્ષની છે?
   A. ચાર B. પાંચ C. છ D. સાત
9. દરેક દેશમાં સરકારની આવશ્યકતા શાથી હોય છે?
   A. કાયદા બનાવવા
   B. કાયદામાં સુધારો કરવા
   C. કાયદાનો અમલ કરવા
   D. આપેલ તમામ
10. નીચેના પૈકી સરકારનો પ્રકાર કયો છે?
    A. સામ્યવાદી B. રાજાશાહી C. લોકશાહી D. આપેલ તમામ
11. લોકશાહીમાં સરકારની રચના કોના દ્વારા થાય છે?
    A. ઉદ્યોગપતિઓ દ્વારા
    B. લોકોના પ્રતિનિધિઓ દ્વારા
    C. રાજ્યો દ્વારા
    D. સ્થાનિક સરકારો દ્વારા
12. લોકશાહીમાં સરકાર કોના માટે કાર્ય કરે છે ?
    A. પોતાના માટે B. શ્રમિકો માટે C. લોકો માટે D. કર્મચારીઓ માટે
13. વિશ્વમાં સામ્યવાદી વિચારધારાને કઈ વિચારધારા તરીકે ઓળખવામાં આવે છે ?
    A. લોકશાહી B. ડાબેરી C. વ્યક્તિકેન્દ્રી D. દક્ષિણપંથી
14. રાજાશાહીમાં શાસક તરીકે કેટલી વ્યક્તિઓ શાસન કરે છે ?
    A. દસ B. બાર C. પાંચ D. એક
15. લોકશાહીમાં કોના આધારે લોકશાહીનાં મૂલ્યોનું જતન કરવામાં આવે છે ?
    A. પ્રજાના B. સરકારના C. બંધારણના D. ચૂંટણીના

BHAVDIP VADHER

16. લોકશાહી સરકારમાં લોકો પોતાના અધિકારો અને થયેલ અન્યાય સામે કોનો સહયોગ મેળવી શકે છે?
A. અદાલતોનો B. વડા પ્રધાનનો C. સામાજિક સંસ્થાઓનો D. કાયદાનો

17. લોકોની આર્થિક અને સામાજિક સમસ્યાઓનો ઉકેલ કોણ લાવે છે?
A. વડા પ્રધાન B. અર્થશાસ્ત્રીઓ C. સમાજશાસ્ત્રીઓ D. સરકાર

18. લોકશાહીનું અગત્યનું લક્ષણ કયું છે?
A. લશ્કરનું પ્રભુત્વ
B. વ્યક્તિવાદ
C. પ્રજાનું સાર્વભૌમત્વ
D. સલાહકાર મંડળ

19. ભારતે કઈ શાસનપદ્ધતિ અપનાવી છે ?
A. સામ્યવાદી. B. સંસદીય લોકશાહી C. રાજાશાહી D. સરમુખત્યારશાહી

20. ભારતના નાગરિકના મતાધિકાર માટે કેટલાં વર્ષની ઉંમર નક્કી કરવામાં આવી છે ?
A. 18 વર્ષની B. 17 વર્ષની C. 20 વર્ષની D. 21 વર્ષની

21. આપણા દેશમાં કોના આંધારે લોકશાહીનાં મૂલ્યોનું જતન કરવામાં આવે છે?
A. સરકારના B. લોકોના C. બંધારણના D. આયોજનોના

22. ન્યાયની દેવીનું ચિત્ર કયાં સ્થળોએ જોવા મળે છે?
A. સંસદમાં B. અદાલતોમાં C. રેલવે સ્ટેશનોમાં D. વિધાનગૃહમાં

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 14)**

23. ભારત વિશ્વમાં સૌથી મોટી ..........ધરાવતો દેશ છે.
24. લોકશાહીમાં દેશનું સંચાલન .........કરે છે.
25. આપણા દેશની સરકાર .........દ્વારા ચૂંટવામાં આવે છે.
26. ..........શાસનવ્યવસ્થામાં ‘સરકાર' મહત્ત્વનું અને આગવું સ્થાન ધરાવે છે.
27. .........સરકાર ગામ કે શહેરનો કાર્યભાર સંભાળે છે.
28. ...........સરકાર સમગ્ર રાજ્યનો કાર્યભાર સંભાળે છે.
29. .........સરકાર સમગ્ર દેશનો કાર્યભાર સંભાળે છે.
30. ભારતમાં ..........લોકશાહી વ્યવસ્થા છે.
31. આપણા દેશમાં સરકારની મુદત સામાન્ય રીતે ........... વર્ષની છે.
32. વિશ્વમાં સામ્યવાદી વિચારધારાને ...........તરીકે ઓળખવામાં આવે છે.
33. રાજાશાહી શાસનવ્યવસ્થામાં રાજાનું પદ ......માં મળે છે.
34. લોકશાહીમાં સરકારે ઘડેલા ............... સૌએ માન્ય રાખવા પડે છે.
35. લોકોથી, લોકો વડે અને લોકો માટે ચાલતી શાસનવ્યવસ્થાને ...........શાસનવ્યવસ્થા કહેવામાં આવે છે.
36. લોકશાહીમાં અદાલત સરકારને વિવિધ મુદાઓ માટે ............. કરી શકે છે.

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 16)**

37. લોકશાહીમાં લોકોના હાથમાં સત્તા છે.
38. રાજાશાહી શાસક ચૂંટણી વગર પસંદ થાય છે.
39. અદાલત સરકારને વિવિધ મુદ્દાઓ માટે સૂચન કે આદેશ કરી શકે છે.
40. યૂ.એસ. વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે.
41. વિશ્વમાં સૌથી વધારે મતદારો ભારતમાં છે.
42. રાજ્ય સરકાર સમગ્ર દેશમાં વહીવટ કરે છે.
43. લોકશાહીમાં લોકો મતદાન દ્વારા પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે.
44. આપણા દેશમાં લોકો વડા પ્રધાનની પસંદગી કરે છે.

45. લોકશાહીમાં માનવઅધિકારોનું રક્ષણ અને સંવર્ધન થાય છે. '
46. કેટલાક દેશોમાં ચૂંટણી દ્વારા સામ્યવાદી સરકાર રચાય છે.
47. વિશ્વમાં સામ્યવાદી વિચારધારાને ‘દક્ષિણપંથી' વિચારધારા તરીકે ઓળખવામાં આવે છે.
48. રાજાશાહીમાં રાજ્યના પ્રતિનિધિઓ રાજ્યનો વહીવટ કરે છે.
49. રાજાશાહીમાં લોકોને પોતાનો શાસક ચૂંટવાનો અધિકાર હોતો નથી.
50. રાજાશાહીમાં વ્યક્તિકેન્દ્રી શાસન હોય છે.
51. લોકશાહીમાં સરકારે ઘડેલા કાયદામાં સુધારા થઈ શક્તા નથી.
52. લોકશાહી સરકારે ઘડેલા કાયદાઓને અદાલતમાં પડકારી શકાતા નથી.

**➽ જોડકા જોડો** **(Marks - 6)**

53. યોગ્ય જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| 1. | રાજ્ય સરકાર | (1) એક જ વ્યક્તિ શાસન કરે છે. |
| 2. | સ્થાનિક સરકાર. | (2) સમગ્ર દેશમાં કાર્યભાર સંભાળે છે. |
| 3. | રાષ્ટ્રીય સરકાર | (3) ગામ કે શહેર માટે કાર્યભાર સંભાળે છે. |
| 4. | રાજાશાહી સરકાર | ( 4 ) સમગ્ર રાજ્યમાં કાર્યભાર સંભાળે છે. |

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 18)**

54. સરકારના મુખ્ય પ્રકાર કેટલા અને કયા કયા છે?
55. દુનિયામાં સરકારના મુખ્યત્વે કેટલા પ્રકાર જોવા મળે છે ?
56. આપણા દેશમાં કયા પ્રકારની શાસનવ્યવસ્થા જોવા મળે છે ?
57. આપણા દેશમાં કયા પ્રકારની સરકાર છે ?
58. લોકશાહી સરકાર ક્યું કાયદાકીય કાર્ય કરે છે?
59. લોકશાહી શાસનવ્યવસ્થા કોને કહેવામાં આવે છે ?
60. સરકાર વિવિધ સ્તરે શા માટે કાર્ય કરે છે?
61. લોકશાહી સરકાર કયા કયા સ્તરે કાર્યો કરે છે ?
62. લોકશાહીમાં સરકારનું સંચાલન કોણ કરે છે ?
63. દરેક દેશને સરકારની જરૂર શા માટે પડે છે ?
64. લોકશાહી સરકારનાં મુખ્ય કાર્યો કયાં કયાં છે?
65. સમગ્ર રાજયનો વહીવટ કોણ કરે છે?
66. સમગ્ર દેશનો વહીવટ કોણ કરે છે ?
67. આપણા દેશમાં ચૂંટાયેલી સરકારની મુદત સામાન્ય રીતે કેટલાં વર્ષની હોય છે?
68. સામ્યવાદી સરકાર શાસનવ્યવસ્થાનું સંચાલન કેવી રીતે કરે છે?
69. વિશ્વમાં સામ્યવાદી વિચારધારાને કઈ વિચારધારા તરીકે ઓળખવામાં આવે છે?
70. રાજાશાહીમાં કોને જ મહત્ત્વ આપવામાં આવે છે ?
71. લોકશાહીનાં મૂલ્યોનું જતન કઇ રીતે કરવામાં આવે છે ?

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 22)**

72. લોકોના અધિકારો રાજાશાહીમાં જળવાતા નથી.
73. સરકાર કાયદામાં ફેરફાર કરે છે.
74. ભારતમાં એક જ સ્થળેથી વહીવટ કરવો શા માટે શક્ય નથી ?

BHAVDIP VADHER

75. લોકશાહીમાં સરકારનું શું મહત્ત્વ છે ?

76. સરકારે ઘડેલા કાયદાઓનો બરાબર અમલ ન થતો હોય તો શું કરી શકાય ?

77. સરકારની જરૂર શા માટે છે ?

78. લોકશાહીમાં લોકોને કેન્દ્રસ્થાને મનાય છે.

79. ટૂંક નોંધ લખો : લોકશાહી સરકાર

80. ટૂંક નોંધ લખો : સામ્યવાદી સરકાર

81. ટૂંક નોંધ લખો : રાજાશાહી સરકાર

82. ટૂંક નોંધ લખો : લોકશાહીનાં મૂલ્યો

## Best Of Luck

BHAVDIP VADHER

Subject : સામાજિક વિજ્ઞાન
Standard : ધોરણ 6
Chapter : 15

# ANSWERS

Exam Time : 3 Hours
Date : 19/05/2020
Marks : 98

## SECTION - A

**➽ યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો** **(Marks - 22)**

1. ભારત
2. સરકારની
3. ભારત
4. ત્રણ
5. સ્થાનિક સરકાર
6. લોકશાહી
7. પ્રમુખશાહી
8. પાંચ
9. આપેલ તમામ
10. આપેલ તમામ
11. લોકોના પ્રતિનિધિઓ દ્વારા
12. લોકો માટે
13. ડાબેરી
14. એક
15. બંધારણના
16. અદાલતોનો
17. સરકાર
18. પ્રજાનું સાર્વભૌમત્વ
19. સામ્યવાદી.
20. 18 વર્ષની
21. બંધારણના
22. અદાલતોમાં

**➽ ખાલી જગ્યા પૂરો** **(Marks - 14)**

23. લોકશાહી
24. સરકાર
25. મતદાન
26. લોકશાહી
27. સ્થાનિક
28. રાજ્ય
29. રાષ્ટ્રીય
30. સંસદીય
31. પાંચ
32. ડાબેરી વિચારધારા

BHAVDIP VADHER

33. વારસા

34. કાયદા

35. લોકશાહી

36. સૂચન કે આદેશ

**➽ નીચેના વિધાન ખરા છે કે ખોટા તે જણાવો** **(Marks - 16)**

37. ખરું (True)

38. ખરું (True)

39. ખરું (True)

40. ખોટું (False)

41. ખરું (True)

42. ખરું (True)

43. ખરું (True)

44. ખોટું (False)

45. ખરું (True)

46. ખરું (True)

47. ખોટું (False)

48. ખોટું (False)

49. ખરું (True)

50. ખરું (True)

51. ખોટું (False)

52. ખોટું (False)

**➽ જોડકા જોડો** **(Marks - 6)**

53. (1 - 4), (2 - 3), (3 -2), (4 - 1).

## SECTION - B

**➽ નીચેના પ્રશ્નોનાં એક વાક્યમાં ઉત્તર આપો** **(Marks - 18)**

54. સરકારના મુખ્ય ત્રણ પ્રકાર છે : ( 1 ) લોકશાહી સરકાર, ( 2 ) સામ્યવાદી સરકાર અને (3) રાજાશાહી સરકાર.

55. દુનિયામાં સરકારના મુખ્યત્વે ચાર પ્રકાર જોવા મળે છે : (1) લોકશાહી સરકાર, ( 2 ) સામ્યવાદી સરકાર,( 3) સરમુખત્યારશાહી સરકાર અને (4) રાજાશાહી સરકાર.

56. આપણા દેશમાં સંસદીય લોકશાહી શાસનવ્યવસ્થા છે.

57. આપણા દેશમાં સંસદીય લોકશાહી શાસનવ્યવસ્થા છે.

58. લોકશાહી સરકાર બંધારણને કેન્દ્રમાં રાખીને તેમજ લોકમત અનુસાર કાયદા બનાવવાનું, કાયદામાં સુધારા કરવાનું તેમજ કાયદાનો અમલ કરવાનું કાર્ય કરે છે.

59. અમેરિકાના પૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકનના મત અનુસાર, લોકોનું, લોકો માટે અને લોકો વડે ચાલતા તંત્રને ‘લોકશાહી શાસનવ્યવસ્થા’ કહેવામાં આવે છે.

60. આપણો દેશ વિશાળ છે તેમજ અનેક પ્રકારની ભિન્નતાઓ ધરાવે છે, તેથી એક જ સ્થળેથી દેશના સંચાલનમાં અનેક સમસ્યાઓ ઊભી થાય. એ સમસ્યાઓની સામે દેશનો સારો વહીવટ કરવા માટે સરકાર વિવિધ સ્તરે કાર્ય કરે છે.

61. લોકશાહી સરકાર સ્થાનિક સરકાર, રાજ્ય સરકાર અને રાષ્ટ્રીય સરકાર એમ ત્રણ સ્તરે કાર્યો કરે છે.

62. લોકશાહીમાં સરકારનું સંચાલન લોકો પ્રત્યક્ષ કે પરોક્ષ મતદાન દ્વારા કરે છે.

63. દરેક દેશને વહીવટ માટે જુદા જુદા નિર્ણયો લેવા માટે તેમજ એ નિર્ણયોનો અમલ કરવા માટે સરકારની જરૂર પડે છે.

BHAVDIP VADHER

64. લોકશાહી સરકારનાં મુખ્ય કાર્યો આ પ્રમાણે છે તે કાયદા બનાવે છે, કાયદાનો અમલ કરે છે, કાયદામાં સુધારા-વધારા કરે છે તેમજ ન્યાય આપે છે.

65. સમગ્ર રાજ્યનો વહીવટ રાજ્ય સરકાર કરે છે.

66. સમગ્ર દેશનો વહીવટ રાષ્ટ્ર કક્ષાની સરકાર (રાષ્ટ્રીય સરકાર) કરે છે.

67. આપણા દેશમાં ચૂંટાયેલી સરકારની મુદત સામાન્ય રીતે પાંચ વર્ષની હોય છે.

68. સામ્યવાદી સરકાર સામ્યતા અને સમાનતાના ધોરણે શાસનવ્યવસ્થાનું સંચાલન કરે છે.

69. વિશ્વમાં સામ્યવાદી વિચારધારાને 'ડાબેરી વિચારધારા' તરીકે ઓળખવામાં આવે છે.

70. રાજાશાહીમાં ગામ કની સુખાકારી, સુવિધા કે વ્યવસ્થાનું જ મહત્ત્વ આપવામાં આવે છે.

71. લોકોની સુખાકારી , અવિધા અને વિકાનને પ્રાધાન્ય આપી, બંધારણને આધારે લોકશાહીના મુલ્યોનું જતન કરવામાં આવે છે .

**➽ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો** **(Marks - 22)**

72. રાજાશાહીમાં વ્યક્તિકેન્દ્રી શાસન હોય છે. તેમાં રાજાનું પદ વારસાગત હોય છે. રાજાશાહીમાં લોકોને પોતાનો શાસક ચૂંટવાનો અધિકાર હોતો નથી. રાજાશાહીમાં સર્વ સત્તા રાજાના હાથમાં હોય છે. તેમાં રાજાની ઇચ્છા એ જ કાયદો હોય છે. રાજાએ લીધેલા નિર્ણયો આખરી ગણાય છે. તેથી રાજાશાહીમાં લોકોના અધિકારો જળવાતા નથી.

73. લોકશાહીમાં દેશના વહીવટ માટે લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓમાંથી સરકારની રચના થાય છે. સરકાર બંધારણનેકેન્દ્રમાં રાખીને, લોકોની ઇચ્છા-લોકમત-અનુસાર લોકહિત માટે જરૂરી કાયદા ઘડે છે. લોકશાહીમાં જો લોકમત બદલાય તો સરકારે ઘડેલા કાયદામાં, સરકારે અમલમાં મૂકેલા કાયદામાં ફેરફાર કરવા પડે છે. લોકશાહીમાં સરકાર કાયદામાં ફેરફાર કરવાની સત્તા ધરાવે છે. આથી સરકાર કાયદામાં ફેરફાર કરે છે.

74. ભારત ખૂબ વિશાળ અને વિવિધતા ધરાવતો દેશ છે ,તેમાં 29 રાજ્યો અને રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્લી સહિત 7 કેન્દ્રશાસિત પ્રદેશ છે. જો એક જ સ્થળેથી વહીવટ કરવામાં આવે તો અનેક સમસ્યાઓ અને મુશ્કેલીઓ ઊભી થાય; નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડે. તેથી ભારતમાં એક જ સ્થળે થી વહીવટ કરવો શક્ય નથી.

75. લોકશાહીમાં સરકારનું મહત્ત્વ : (1) લોકશાહીમાં સરકાર લો કોને કેન્દ્રમાં રાખીને કાર્ય કરે છે , ( 2 ) લોકશાહી સરકારમાં જ માનવ અધિકારોનું રક્ષણ અને જતન થાય છે , ( 3 ) લોકોના સર્વાંગી વિકાસ અને અધિકારી માટે લોકશાહી, સરકાર ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

76. સરકારે ઘડેલા કાયદાઓનો બરાબર અમલ ન થતો હોય અને અન્યાય થાય તો તેની સામે અવાજ ઉઠાવવામાં આવે છે, કાયદાનો બરાબર અમલ કરાવવા માટે અદાલત સમક્ષ ફરિયાદ કરી શકાય છે. અદાલત કાયદાનો બરાબર અને યોગ્ય અમલ કરવા સરકારને આદેશ આપી શકે છે.

77. (1) દરેક દેશને જુદા જુદા નિર્ણયો લેવા માટે તેમજ એ નિર્ણયોનો અમલ કરવા માટે સરકારની જરૂર છે. (2) દરેક ટેકામાં બંધારણ અનુસાર કાયદા બનાવવા, તેમને અમલમાં મુકવા તેમજ તેમાં સુધારા કરવા સરકારની જરૂર છે. (3) સરકારે બનાવેલા કાયદા અને નિયમો દેશના બધા લોકોને સમાન રીતે લાગુ પાડવા માટે સરકાર જરૂરી છે. (4) લોકશાહીમાં લોકોની ઇચ્છા મુજબ વહીવટ ચલાવવા સરકારની જરૂર પડે છે. સરકાર જ લોકકલ્યાણનાં કાર્યો કરે છે. આમ, દેશમાં શાંતિ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તેમજ દેશની પ્રગતિ માટે સરકારની જરૂર છે.

78. અબ્રાહમ લિંકને લોકશાહીની વ્યાખ્યા આ પ્રમાણે આપી છે : લોકશાહી સરકાર એટલે લોકોનું, લોકો માટેનું અને લોકો વડે Rulad di (Government of the people, for the people and by the people.) લોકશાહીમાં લોકો મતદાન દ્વારા પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે. એ પ્રતિનિધિઓમાંથી દેશના વહીવટ માટે સરકારની રચના કરવામાં આવે છે. એ સરકારે લોકોની ઇચ્છા (લોકમત) અનુસાર દેશનો વહીવટ કરવો પડે છે. જો, સરકાર લોકોની ઇચ્છા મુજબ વહીવટ કરતી નથી તો લોકો આગામી ચૂંટણીમાં તેને ફરીથી દેશનો વહીવટ સોંપતી નથી. આમ, લોકશાહીમાં સરકારની રચનામાં લોકોનું જ સાર્વભૌમત્વ ન હોવાથી કહી શકાય કે, લોકશાહીમાં લોકોને કેન્દ્રસ્થાને મનાય છે.

79. (1) લોકશાહી સરકારમાં લોકો મતદાન કરીને પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે, (2) એ પ્રતિનિધિઓમાંથી બહુમતી પક્ષના સભ્યોમાંથી સરકારની રચના થાય છે. (3) લોકશાહી સરકાર લોકો વતી દેશની શાસનવ્યવસ્થા સંભાળે છે. ( 4 ) આ સરકાર સત્તાનો અંતિમ દોર પ્રજાના હાથમાં હોય છે. ( 5) લોકશાહી સરકારનું સંચાલન પ્રત્યક્ષ અથવા પરોય રીતે લોકો જ કરતા હો,છે. (6) લોકશાહી સરકાર હંમેશાં માનવ અધિકારોનું રક્ષણ અને જતન કરે છે. (7) તે લોકોના સર્વાંગી વિકાસ અને અધિકારીના રક્ષણ માટે કામ કરે છે. (8) આ સરકારમાં નિયત સમયે ચૂંટણીઓ થાય છે.

BHAVDIP VADHER

80. (1) સામ્યવાદી સરકારમાં બધાં માટે સામ્યતા સરખાપણાને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે. (2) તેમાં સરકાર સામ્યતા અને સમાનતાના ધોરણે શાસનવ્યવસ્થાનું સંચાલન.કરે છે. (3) વિશ્વના કેટલાક દેશોમાં ચૂંટણીઓ દ્વારા સામ્યવાદી સરકારો રચાય છે. એ સરકારનો નેતા લાંબા ગાળે રાજ્યની તમામ સત્તા પોતાના હાથમાં લઈ લે છે. તે સામ્યવાદના નામે નીચે એક વ્યક્તિકેન્દ્રી શાસન કરે છે. (4) સામ્યવાદી સરકારમાં સમાજના દરેક વર્ગને આર્થિક, બૌદ્ધિક કે વૈચારિક રીતે સમાનતા કે સામ્યતાના ધોરણે સરકારનું સંચાલન થતું જોવા મળે છે. ( 5) વિશ્વમાં સામ્યવાદી સરકારની વિચારધારાને 'ડાબેરી વિચારધારા'ના નામે ઓળખવામાં આવે છે.

81. (1) રાજાશાહી સરકારમાં એક વ્યક્તિનું શાસન હોય છે. (2) શાસક તરીકે સત્તા ભોગવતા રાજાનું પદ વારસાગત હોય છે. (3) રાજાશાહીમાં લોકોને પોતાનો શાસક ચૂંટવાનો અધિકાર હોતો નથી. (4) રાજાશાહીમાં લોકોના અધિકારો જળવાતા નથી. (5) રાજાશાહીમાં રાજાની ઇચ્છા એ જ કાયદો. તે રાજ્યનાં બધાં કાર્યો જાતે જ કરે છે. રાજાના નિર્ણયો આખરી ગણાય છે. (6) રાજાશાહી સરકારમાં લોકોની સુખાકારી, સુવિધાઓ કે વ્યવસ્થાને બદલે શાસકની સુખાકારી, સુવિધાઓ કે વ્યવસ્થાને જ મહત્ત્વ આપવામાં આવે છે.

82. સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વની ભાવના એ લોકશાહીનાં મૂલ્યો છે. લોકશાહી સરકાર બંધારણને કેન્દ્રમાં રાખી, લોકશાહી મૂલ્યોનું જતન કરે છે. સૌને સમાનતા, સુરક્ષા અને સુવિધા મળે એ માટે લોકશાહી સરકાર લોકશાહીનાં મૂલ્યોને ધ્યાનમાં રાખીને આયોજનો અને યોજનાઓનો અમલ કરે છે.

BHAVDIP VADHER